## -: પ્રવેશ પ્રક્રિયા :-

## T. Y. B. Com

ગુજરાત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ (સાંજની ), અમદાવાદ માં ૧૯૯૭ ના વર્ષથી કોમર્સ ફેકલ્ટી શરૂ થયેલ છે. આ કોલેજ માં ૧૯૯૯ ના વર્ષથી T. Y. B. Com શરૂ થયેલ છે. અંગ્રેજી માધ્યમ અને ગુજરાતી માધ્યમ એમ બન્ને માધ્યમ માં અભ્યાસ થાય છે. અંગ્રેજી માધ્યમ માં ૦૨ ડિવિઝન તથા ગુજરાતી માધ્યમ નાં ૦૧ ડિવિઝન છે. T. Y. B. Com નું પ્રવેશફોર્મ નિયત ફી થી કોલેજ કાર્યાલયમાં ઉપલબ્ધ હોય છે.

**મુખ્ય વિષય :** એડવાન્સ એકાઉન્ટન્સી એન્ડ ઓડિટીંગ

**પ્રવેશ માટેની જરૂરી શરતો :-**

૧) F. Y. B. Com અને S. Y. B. Com ની પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ. S. Y. B. Com ની પરીક્ષામાં ATKT વાળા વિદ્યાર્થી T. Y. B. Com માં પ્રવેશપાત્ર છે. ( જો F. Y. B. Com પાસ હોય તો )

૨) અન્ય યુનિવર્સિટીની કોલેજમાંથી આ કોલેજમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીએ ગુજરાત યુનિવર્સિટીમાંથી Provisional Eligibility Certificate ( કામચલાઉ યોગ્યતા પ્રમાણપત્ર ) મેળવવું અત્યંત આવશ્યક છે. તે સિવાય વિદ્યાર્થી પ્રવેશપાત્ર નથી.

૩) અન્ય યુનિવર્સિટીની કોલેજમાંથી આ કોલેજમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીએ એનરોલમેન્ટ ફોર્મ તથા નિયત ફી ભરવી ફરજીયાત છે અન્યથા યુનિવર્સિટી ની પરીક્ષા આપી શકાશે નહિ અને પ્રવેશ રદબાતલ થશે.

**પ્રવેશપત્ર સાથે નીચેના પ્રમાણપત્રો સામેલ રાખવા :-**

૧) F. Y. B. Com અને S. Y. B. Com ની પરીક્ષા નાં તમામ પ્રયત્નોની પ્રમાણિત કરેલ એક નકલ

૨) પાર્સપોર્ટ સાઈઝનાં બે ફોટોગ્રાફ

૩) પ્રોવીઝનલ એલીજીબીટી પ્રમાણપત્ર ( ઓરીજીનલ ) (જો લાગુ પડતુ હોય તો )

**અભ્યાસ ના વિષયો :-**

૧) કોર્મશીયલ કોમ્યુનિકેશન

૨) વાણિજય વ્યવસ્થા અને સંચાલન

૩) અર્થશાસ્ત્ર

૪) વેપારી કાયદો

૫) બીઝનેસ સ્ટેટેસ્ટીકસ

૬) એડવાન્સ એકાઉન્ટન્સી એન્ડ ઓડીટીંગ પેપર - ૪

૭) એડવાન્સ એકાઉન્ટન્સી એન્ડ ઓડીટીંગ પેપર - ૫

**પ્રવેશ મેળવ્યા બાદની આવશ્યક શરતો :-**

૧) અન્ય યુનિવર્સિટીની કોલેજમાંથી આ કોલેજમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીએ યુનિવર્સિટીનું એનરોલમેન્ટ ફોર્મ ભરવું અત્યંત જરૂરી છે. અન્યથા યુનિવર્સિટીની પરીક્ષા આપી શકશે નહિ અને પ્રવેશ રદબાતલ થશે. એનરોલમેન્ટ ફોર્મ ભરતી વખતે F. Y. B. Com ની માર્કશીટ ની તથા S. Y. B. Com ની માર્કશીટની પ્રમાણિત નકલો, બે પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ, યુનિવર્સિટીનું પ્રોવીજીનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ ની પ્રમાણિત નકલ ( જો લાગુ પડતું હોય તો ) સાથે રાખવી.

૨) દરેક તાસમાં હાજરી લેવાય છે. આથી વિદ્યાર્થીએ કોલેજમાં નિયમિત હાજરી આપવી. યુનિવર્સિટી દ્વારા નિયત હાજરી કરતાં ઓછી હાજરી વાળા વિદ્યાર્થીઓ યુનિવર્સિટીની તથા કોલેજની કસોટી આપી શકશે નહિ.

૩) કોલેજના પ્રવેશ, પરીક્ષાલક્ષી કે અન્ય કોઈપણ કામ વખતે વિદ્યાર્થીએ રૂબરૂ નિયત સમય દરમ્યાન કાર્યાલનો સંપર્ક કરવો.

૪) કોલેજની પ્રથમ અને દ્વિતિય કસોટી આપવી ફરજીયાત છે. ખાસ અને અસાધારણ સંજોગોમાં આચાર્યશ્રીની પૂર્વમંજુરી સિવાય કોઈપણ વિદ્યાર્થીને રીટેસ્ટ આપી શકશે નહિ.

૫) દ્વિતિય સત્રની ફી તથા યુનિવર્સિટીની ફી નિયત સયમમર્યાદામાં અચૂક ભરવી અન્યથા પ્રવેશ રદબાતલ થશે.

૭) કોલેજનું I -Card તથા ફી રસીદ વિદ્યાર્થીએ હંમેશા પોતાની પાસે રાખવી.

**ફી નું ધોરણ**

**પ્રથમ સત્રની ફી રૂ.૮૧૦/- છે.**

**દ્વિતિય સત્રની ફી રૂ.૮૦૫/- છે.**

**રીટેસ્ટની ફી પેપરદીઠ રૂ.૫૦/- છે.**

**યુનિવર્સિટીની વાર્ષિક પરીક્ષા ફી રૂ.૧૦૦/- છે.**

**ઉપરોકત ફીનાં આંકડા ગત વર્ષ અનુસાર છે,જે વખતોવખત નિયમાનુસાર ફેરફારને પાત્ર છે.બહેનો તથા અનામત કેટેગરી વાળા વિદ્યાથી ઓને નિયમાનુસાર માત્ર શિક્ષણ ફી ભરવાની રહેતી નથી.**

**પરીક્ષા :-**

૧) કોલેજ દ્વારા લેવાતી આંતરિક પરીક્ષા તથા યુનિવર્સિટી પરીક્ષા આપવી ફરજીયાત છે.

૨) પરીક્ષાના ગુણાંકન ની ગણતરી :-

| | | |
|---|---|---|
| પ્રથમ કસોટીના | : | ૫૦ ગુણ |
| દ્વિતિય કસોટીના | : | ૧૦૦ ગુણ |
| રીટેસ્ટના ગુણ જો હોય તો : | | |
| કુલ ગુણ | : | ૧૫૦ ગુણ |
| રાઉન્ડ ઓફ | : | ૧૫૦/૬ = ૨૫ ગુણ |
| ટયુટોરીયલ | : | ૦૫ ગુણ |
| આંતરિક ગુણાંકન | : | ૩૦ ગુણ |
| યુનિવર્સિટી ગુણ | : | ૭૦ ગુણ |
| કુલ ગુણ | : | ૧૦૦ ગુણ |

૩) પાસ થવા માટેનું લઘુત્તમ ગુણ પ્રમાણ

| | | | |
|---|---|---|---|
| આંતરિક ગુણાંકન માં | : | ૧૧/૩૦ | (એકાઉટન્સી મુખ્ય વિષય સિવાયના |
| યુનિવર્સિટી ગુણાંકન માં | : | ૨૫/૭૦ | અન્ય તમામ વિષયો માટે ) |

T.Y.B.COM માં મુખ્ય વિષય એડવાન્સ એકાઉન્ટન્સી નાં પેપર નં. ૪ અને પેપર નં.૫ નાં માર્કસ સયુંકત ગણવામાં આવે છે. જેમાં પાસ થવા માટેનું લઘુત્તમ ગુણ પ્રમાણ આ મુજબ છે.

| | | |
|---|---|---|
| આંતરિક ગુણાંકનમાં | : | ૨૨/૬૦ |
| યુનિવર્સિટી ગુણાંકનમાં | : | ૫૦/૧૪૦ |

જો આ એકાઉન્ટન્સી વિષયમાં લઘુત્તમ ગુણ પ્રમાણ કરતા ઓછા માર્કસ આવે તો એકાઉન્ટન્સીના બંન્ને પેપર (પેપર નં.૪ અને પેપર નં.૫ )ની પરીક્ષા આપવી પડશે.

૪) જો આંતરિક ગુણાંકન માં લઘુત્તમ પ્રમાણ થી ઓછા ગુણ હોય તો તેને આંતરિક ગુણાંકન Fail (InternalFail) કહેવાય.

૫) યુનિવર્સિટી માં લઘુત્તમ ગુણ થી ઓછા ગુણ હોય તેને Fail કહેવાય.

૬) Internal Fail હોય તો જે તે વિષયની યુનિવર્સિટી ની પરીક્ષા પણ ફેરથી આપવી જરૂરી છે.

૭) Internal Failવાળા વિદ્યાર્થીએ કોલેજ ની પ્રથમ અને દ્વિતિય સત્રની પરીક્ષા આપવી અનિવાર્ય છે.

૮) યુનિવર્સિટીની પરીક્ષામાં Fail વાળા વિદ્યાર્થીઓ ઓકટોબર - નવેમ્બર માસમાં યોજાતી યુનિવર્સિટી ની પરીક્ષા આપી શકશે. આ માટેનાં ફોર્મ સામાન્યતઃ સપ્ટેમ્બર માસના અંતમાં અથવા તોઓકટોબર માસની શરૂઆતમાં યુનિવર્સિટી દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવતા હોય છે. (નોટીસ બોર્ડ જોતા રહેવું)